# ૧૦.૫ મરણ સમાધિ કેવી રીતે મેળવવી (પોષ દશમી)

કલિકાલ કલ્પતરું સર્વમનવાંછિત પૂરક શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ પ્રભુ કલિકાલમાં જીવતાં-જાગતાં હાજરાહજૂર છે. તેઓના ચરણે પહોંચનારો, મસ્તક સર્મિપત કરનારો ક્યારેય ન તો દુઃખી થાય છે કે નતો અશાતા-અશાંતિ અનુભવે છે.

સહુ કોઈ જીવ, ભગવાનની ભક્તિ થાય તેવી અને થાય તેટલી કરતાં હોય છે. પરંતુ સાચા ભાવ અને સાચા હૃદયથી ભક્તિ કરનારો, અંત સમયે મૃત્યુને સુધારનારો બને છે. સાચા ભાવો કહેવાં કોને ? જે બીજાનું અણહકનું કે બીજાને દુઃખી કરીને ૦ પૈસા મિલકત લેવા માંગતો ન હોય, ક્રોધ, આક્રોશ કે અહંકાર રાખીને પોતે જ સાચો અને સારો છે. બીજા એવાં નથી હોતા. વગેરે પોતાના દોષો ભૂલોને છુપાવે નહિ, અને પરમાત્મા જ એકમેવ તારણહાર લાવે, ગુરુ ભગવંતોની આકરી જીવન પદ્ધતિ જોઈ અહોભાવ-ભક્તિભાવ રાખે, અને મા-બાપ, વડીલની સેવા-ભક્તિમાં સ્વાર્થ ન જોવે. કે બીજાની ઉપર ઢોળી પોતે છટકી ન જાય તેનું હૃદય, તેનું જીવન પ્રશંસનીય અને ગૌરવ લેવા જેવું છે. આવું હૃદય તે સાચું હૃદય થાય આવા ભાવથી પરમાત્માની ભક્તિમાં બધું ભાન ભૂલી જઈને તપ, વ્રત, જપ, આરાધન કરે તે અંતે સમાધિ પામે. પરંતુ શંખેશ્વર દાદાની સેવા-ભક્તિ, અહોભાવપૂર્વકની થાય તે ખૂબ મહત્વનું જરૂરી છે. દાદાની આરાધના સાચે સાચ કરવા શું શું કરવું જરૂરી છે. તે જાણી લઈએ.

૧. દિવ્યજગતના દૈવી (પવિત્ર) તત્ત્વોના સંકેતથી પ્રબળ ઋણાનુબંધથી, કે અધૂરી આરાધના-સાધનાના કારણે તમને/તમારી ઊર્જાને અહીં ખેંચી લાવતી હોય છે. તો એક ફરી અપૂર્વ સંયોગ જીવને પ્રાપ્ત થઈ રહ્યો છે. જાણી, પ્રભુ પાર્શ્વના ઉપકારો અને ગુણોને સ્મૃતિ પટ ઉપર લાવી ખૂબ અહોભાવ ચિત્તમાં લાવશો.

૨. વિચાર શુદ્ધિ માટે સુખ-દુઃખ અને વેર-ઝેર ઝઘડાં સંકલેશને ભૂલી જો. આહાર શુદ્ધિ માટે અભક્ષ્ય, ઠંડાપીણા, આઈસક્રીમ બહારનું ખાઈને પેટ બગાડશો નહિ. આચારશુદ્ધિ માટે આંખ અને કાનને સંયમમાં રાખી, વિજાતીયનો સંસર્ગ સહજપણે દૂર રાખશો. હૃદયશુદ્ધિ માટે બીજાનું ખૂબ ભલું

ચિતવજો. અપકારીના પણ ઉપકાર વિચારી બધાને ક્ષમા આપશો. મૈત્રીભાવ મનોમન કેળવો. બધા કર્મના ભારથી દબાયેલા છે, તેથી ક્ષમ્ય, છે તેમ વિચરશો. આત્મશુદ્દિ્ધ માટે મૌન, પ્રાર્થના, સંવેદના, ધ્યાન, ઉપવાસ અને વિરતિના ભાવોને ઘૂંટવા-અમલમાં મૂકશો.

૩. પ્રભુને જોતા જ ઝૂકી જાઓ, બે હાથ જોડી માથું જમીનને અડાડો. શંખેશ્વરા પાર્શ્વનાથનો જય હો, જય હો, જય હો હૃદયના ઉલ્લાસથી બોલો. મુખ ઉપર આનંદ લાવો બીજું બધું ભૂલી જાઓ.

૪. પ્રભુ પ્રતિમાની નજીક જતાં ‘નમો જિણાણં’ અડધા નમીને કહો. ફરી જય બોલો/બોલાવો (બીજાને અંતરાય ન થાય તેમ બોલો.) પ્રભુને ત્રણ પ્રદક્ષિણા મુખ્ય દેરાસરને ફરતે આપો, આવડે તો દુહા બોલવા, ન જ ફાવે તો નમો જિણાણંજિઅભયાણંનો જાપ બોલતા બોલતાં ૩ પ્રદક્ષિણા આપો.

૫. પ્રભુ સમક્ષ ખૂબ ભાવ-મનથી પરમાત્માની સ્તુતિઓ દ્વારા સંવેદનાઓ વ્યક્ત કરો. ૫-૧૦-૧૫ ઓછામાં ઓછી સ્તુતિ બોલવાથી પ્રભુ સાથે તાદાત્મ્યસંબંધ કેળવો. પછી પ્રક્ષાલ-પૂજા વગેરે યથાયોગ્ય કરો. તે શક્ય ન હોય તો ધૂપ-પૂજા, દીપકપૂજા, ચામર (નૃત્ય) પૂજા પ્રભુનું મુખ દર્શન અરીસા સામે ક્રમશઃ કરો.

૬. જયણાપૂર્વક ભૂમિ શુદ્ધ કરી પ્રથમ ખમા. દઈ ઈરિયાવહિયં કરી પ્રભુની ભાવસ્તવના સ્વરૂપ ૩ ખમાસણા દઈ ચૈત્યવંદન કરવું અને સ્તવન મધુરું ધીમા અવાજે કરશો. આટલું કર્યા પછી પોષ દશમીની આરાધનાત્રણ દિવસ માટે વિધિપૂર્વક કરવા ભાવ રાખવો હવે તે જોઈએ.

પોષ દશમીની આરાધના કરવી હોય તો શું કરશો ?

પ્રભુ પાર્શ્વનાથની વિધિપૂર્વક આરાધના કરવાથી, આ લોકના સુખ-સૌભાગ્ય સમૃદ્દિ્ધ અંત સમયે સમાધિ, ચિત્તશાંતિ, પરભવમાં ઈન્દ્રપણું કે દેવપણું અને અંતે મુક્તિપદ પ્રાપ્ત થાય છે.

માગશર વદ-૧૦ના પ્રભુજી જન્મ્યાં હતાં અને માગશર વદ-૧૧ના દીક્ષા ગ્રહણ કરી હતી. તે બંને કલ્યાણકો એક સાથે આવતાં હોવાથી - પૂર્વ  મર્હિષ અને જ્ઞાની ભગવંતો એ પ્રતિવર્ષે માગશર વદ-૯-૧૦-૧૧ના ૩ દિવસના ઉપવાસ (અઠ્ઠમ) કરવા જણાવ્યું છે. આ રીતે ન જ થઈ શકે તો ઃ

૩ એકાસણા કરવાનું જણાવ્યું છે.

૧. દિવસ પહેલો ઃ માગશર વદ-૯ના દિવસે ઃ સાકરના પાણીનું એકાસણું (સાકર, તજ, લવિંગવાળું પાણી એક આસને બેસી જેટલું પી શકાય તેટલું વાપરી સાદું ઉકાળેલું પાણી પીને ઉભા થઈ જવાનું હોય છે.

૨. દિવસ બીજો ઃ માગશર વદ-૧૦ના દિવસે પોરસી પચ્ચકખાણ પછી ખીરનું એકાસણું (દૂધ, ચોખા, એલચી) એક આસને બેસી જેટલી વખત વાપરી શકાય તે ધીરે ધીરે ઠંડી કરેલી વાપરવી. છેલ્લે ઉકાળેલું પાણી પીવાનું હોય છે. પણ ઊભા થયા પછી પાણી પીવાતું નથી.

૩. દિવસ ત્રીજો ઃ માગશર વદ-૧૧ના દિવસે ભર્યે ભાણે એકાશન કરવાનું હોય છે. સચિત્ત વસ્તુનો ત્યાગ હોય છે અને શક્તિ-ભાવ હોય તો ઠામ એકાશન નહિંતર એકાશન કરી લીધા પછી સૂર્યાસ્ત સુધી ઉકાળેલું પાણી પી શકાય છે.

આ વ્રત દસ વર્ષ અને દશ મહિના સુધી કરવાનું હોય છે અને દર મહિનાની વદ-૧૦મે એકાશન કરી નીચે જણાવેલી આરાધના કરવાની હોય છે.

૧. ૩ દિવસ દરમ્યાન ઃ રોજ પ્રભુ સમક્ષ ૧૨ સાથીયા, બાર ખમાસણાં અને ૧૨ લોગસ્સનો કાઉસ્સગ્ગ કરવાનો હોય છે તથા ૨૦ માળા ગણવાની હોય છે.

૨. દુહા ઃ 'પરમપંચ પરમેષ્ઠિમાં પરમેશ્વર ભગવાન ચાર નિક્ષેપે ધ્યાઈએ નમો નમો શ્રીજિનભાણ.' બોલીને ખમાસણું દેવું આ દુહો, દર મહિનાની વદ-૧૦ દશમે ૧૨ ખમા. દેતી વખતે બોલી શકાય. ૧૨ લગસ્સનો કાઉસ્સગ્ગ કરતાં પહેલાં ઈરિયાવહિયા કરવા પછી ખમાસણું દેવું. પછી ઈચ્છાકારેણ સંદિસહ

ભગવન્ શ્રી પાર્શ્વનાથ જિનઆરાધનાર્થ કાઉસ્સગ્ગ કરું ? ઈચ્છ. શ્રી પાર્શ્વનાથ જિનઆરાધનાર્થ કરેમિ કાઉસ્સગ્ગં વંદાણવત્તિયાએ... તસ્સ ઉત્તરી- અન્નત્થ બોલી ૧૨ લોગસ્સ સંપૂર્ણ (ઊભા ઊભા) કાઉસ્સગ્ગ મુદ્રામાં રહીને ગણવા. પછી નમો અરિહંતાણં કહી પ્રગટ લોગસ્સ બોલવો. ખમાસમણું દેવું. સ્તુતિ આવડે તો બોલવી. ૨૦ માળા ગણવાનો મંત્ર ઃ ૐ હ્રીં શ્રી પાર્શ્વનાથ અર્હતે નમઃ ઉતાવળે ન ગણવી પ્રભુના ઉપકારોને, મહિમાને, પ્રભાવને, સામર્થ્યને અને તેમના ગુણોને યાદ કરી કરીને ગણવાથી મંત્રનું બળ અધિક-અધિક વધી જાય અને સંપૂર્ણ શરીરમાંં પ્રવેશી દેહશુદ્ધિ-ચિત્તશુદ્ધિ અને આત્મશુદ્ધિ કરસ રહ્યો છે. તેમ કલ્પના કરી કરીને ગણવાથી પણ અતિશય લાભ થાય છે અથવા મનોમન મોટા સફેદ અક્ષરો મંત્રજાપના લખતાં લખતાં કરવાથી ઘણો ફાયદો થાય છે.

શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ સ્વામીની આરાધના (કાઉસગ્ગપદ) ખમાસમણ આપીને... 'ઈચ્છાકારેણ સંદિસહ ભગવન્ ! દ્વાદશગુણયુક્ત ધરણેન્દ્ર પદ્માવતી પરિપૂજિત શ્રી શંખેશ્વર પાર્શ્વનાથસ્વામી આરાધનાર્થ કાઉસગ્ગ

કરું ? ઈચ્છં દ્વાદશગુણયુક્ત, ધરણેન્દ્ર, પદ્માવતી પરિપૂજિત શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ સ્વામી આરાધનાર્થ કરેમિ કાઉસ્સગ્ગં... 'વંદણવત્તિયાએ...' 'અન્નત્થ' બોલી બાર લોગસ્સનો કાઉસ્સગ્ગ 'ચંદેસુનિમ્મલયરા' સુધી કરવો. પારી પ્રગટ લોગ્ગસ બોલવો.'

આ રીતે ૩ દિવસ આરાધના કરી. ભગવાન પાસે અત્યંત ભીના નયને, ભક્તિ હૃદયે સંકલ્પપૂર્વક પ્રાર્થના કરવી.

૧. પ્રભો ! સર્વ જીવોને સુખ, શાંતિ, શાતા અને આનંદ મળો જેથી તારા મોક્ષ માર્ગની આરાધના કરી શકે.

૨. ઓ પ્રાણેશ્વર ! સહુના મનના કલેશ, સંકલેશ, ક્રોધ, કષાય દૂર કરો અને કરાવો.

૩. ઓ વહાલા પ્રભુ ! મને સતત તારા સ્મરણમાં રાખજે અને કોઈપણ પ્રસંગ કે અશાંતિના નિમિત્તમાં મને સતત સમાધાનની બુદ્ધિ આપજો.

૪. કોઈપણ જીવ મારું અહિત નથી કરતાં કે દુઃખ પણ આપતાં નથી. માત્ર મારા જ કર્મો મને નડે છે. એવી સદ્‌બુદ્ધિ સતત ટકાવી રાખજે.

૫. મન નવરું પડે ત્યારે મારા પાપો-દોષોની નિંદા કરે, મહાપુરુષો, જ્ઞાનીઓની, અધિક ગુણવાનોની સાચા હૃદયે અનુમોદના/પ્રશંસા કરું અને ભવોભવ તારા ચરણનું શરણ મળે. શાસન અને મોક્ષમાર્ગની આરાધના કરવા મળે, આટલું તો દાદા આપજે જ આપજે અને મારાં સર્વ અપરાધો, આશાતનાઓ, વિરાધનાઓ, ભૂલો, ક્ષતિઓ અને અહંકાર વગેરે સઘળા દોષો નાશ પામો, નાશ પામો. આ રીતે ભાવના પ્રાર્થના, સંવેદના, વિનંતી, આરજુ રોજ કરવાથી અંત સમયે સમાધિ મરણ અવશ્ય મળે છે.

## (ચાર શરણાં)

મુજને ચાર શરણ હોજો અરિહંત સિદ્ધ સાધુજી, કેવલી ધર્મ પ્રકાશીયો, રત્ન ત્રણ અમુલખ લાધોજી મુજને૦ (૧)

ચઉગતિ તથા દુઃખ છેદવા, સમરથ શરણાં ઓહોજી, પૂર્વે મુનિવર જે હુઆ, તેણે કીધાં શરણાં ઓહોજી. મુજને૦ (૨)

સંસારમાંહી જીવને, સમરથ શરણાં ચારોજી, ગણી સમયસુંદર એમ કહે, કલ્યાણ મંગલકારોજી. મુજને૦ (૩)

### (૨) સર્વજીવ ક્ષમાપના

લાખ ચોરાશી જીવ ખમાવીએ, મન ધરી પરમ વિવેકજી, મિચ્છામિ દુક્કડં દીજીએ, જિનવચને લહીએ ટેકજી. લાખ૦ (૧)

સાત લાખ ભૂદગ તેઉ વાઉના, દશ ચૌદે વનના ભેદોજી, ખટ વિમલ સુર તિરિ નારકી, ચઉ ચઉ ચઉદે ભેદો નરનારજી. લાખ૦ (૨)

જીવાયોનિએ જાણીને, સઉ સઉ મિત્ર સંભાળોજી, ગણી સમયસુંદર એમ કહે, પામીએ પુન્ય પ્રભાવોજી. લાખ૦ (૩)

### (૩) અઢાર પાપત્યાગ

પાપ અઢારે જીવ પરિહરો, અરિહંત-સિદ્ધની સાખેજી, આલોવ્યા પાપ છૂટીએ, ભગવંત એણી પેરે ભાખેજી. પાપ૦ (૧)

આશ્રવ કષાય દોષ બંધના, વળી કલહ અભ્યાખ્યાનજી, રતિ અરતિ પૈશુન નિંદના, માયા મોહ મિથ્યાત્વજી. પાપ૦ (૨)

મન વચન કાયાએ જે કર્યા, મિચ્છામિ દુક્કડં તેહોજી, ગણી સમયસુંદર એમ કહે, જૈન ધર્મનો મર્મ એહોજી. પાપ૦ (૩)

(૪) શ્રાવકના દીક્ષાનાં મનોરથો

ધન્ય ધન્ય તે મુજ કદી હોશે, હું પામીશ સંજમ સુધોજી, પૂર્વઋષિ પંથે ચાલીશું, ગુરુવચને પ્રતિબુધોજી. ધન્ય૦ (૧)

અંત પંત ભિક્ષા ગોચરી, રણ વને કાઉસ્સગ્ગ કરશુંજી, સમતા શત્રુ મિત્ર ભાવશું, સંવેગ સુધો ધરશુંજી. ધન્ય૦ (૨)

સંસારના સંકટ થકી, હું છૂટીશ અવધારોજી, ધન ધન સમયસુંદર તે ઘડી, તો હું પામીશ ભવનો પારોજી. ધન્ય૦ (૩)

**: પદ્માવતીની આરાધના :**

હવે રાણી પદ્માવતી, જીવરાશી ખમાવે, જાણપણું જગતેભલું, ઈણ વેળા આવે (૧)

તે મુજ મિચ્છામિ દુક્કડં, અરિહંતની શાખ, જે મેં જીવ વિરાધિયા, ચઉરાશિ લાખ. તે૦ (૨)

સાત લાખ પૃથ્વીતણા, સાતે અપ્રકાય, સાત લાખ તેઉ કાયના, સાતે વળી વાય. તે૦ (૩)

દશ પ્રત્યેક વનસ્પતિ, ચઉદહ સાધારણ, બી ત્રિચઉરિંદ્રી જીવના બે બે લાખ વિચાર. તે૦ (૪)

દેવતા તિર્યંચ નારકી, ચાર ચાર પ્રકાશી, ચઉદહ લાખ મનુષ્યના, એ લાખ ચોરાશી. તે૦ (૫)

ઈણ ભવ પરભવે સેવીયા, જે પાપ અઢાર, ત્રિવિધ ત્રિવિધ કરી પરિહરું, દુર્ગતિના દાતાર તે૦ (૬)

હિંસા કીધી જીવની, બોલ્યા મૃષાવાદ, દોષ અદત્તાદાનના, મૈથુન ઉન્માદ, તે૦ (૭)

પરિગ્રહ મેલ્યો કારમો, કીધો ક્રોધ વિશેષ, માન માયા લોભ મેં કીયા, વળી રાગ ને દ્વેષ. તે૦ (૮)

કલહ કરી જીવ દુહવ્યા, દીધા કૂડા કલંક, નિંદા કીધી પારકી, રતિ અરતિ નિઃશંક. તે૦ (૯)

ચાડી કીધી ચોતરે, કીરો થાપણ મોસો, કુગુરુ કુદેવ કુધર્મનો, ભલો આણ્યો ભરોસો. તે૦ (૧૦)

ખાટકીને ભવે મેં કીયા, જીવ નાનાવિધ ઘાત, ચીડીમાર ભવે ચરકલાં, માર્યા દિન રાત. તે૦ (૧૧)

કાજી મુલ્લાને ભવે, પઢી મંત્ર કઠોર, જીવ અનેક જભ્ભે કીયાં, કીધા પાપ અઘોર. તે૦ (૧૨)

માછીને ભવે માછલાં, ઝાલ્યાં જળવાસ, ધીવર ભવે કોળી ભવે, મૃગ પાડ્યા પાસ. તે૦ (૧૩)

કોટવાળને ભવ મેં કીયાં, આકરા કર દંડ, બંદીવાન મરાવિયા, કોયડા ઝડી દંડ. તે૦ (૧૪)

પરમાધામીને ભવે કીધાં નારકી દુઃખ, છેદન ભેદન વેદના, તાડન અતિ તિખ્ખ. તે૦ (૧૫)

કુંભારને ભવે મીં કીયા, નીભાડા પચાવ્યા, તેલી ભવે તીલ પીલીયા, પાપે પીંડ ભરાવ્યા. તે૦ (૧૬)

હાલી ભવે હળ ખેડીયાં, ફાડ્યા પૃથ્વીનાં પેટ, સુડ નિદાન ઘણાં કીધાં, દીધાં બળદ ચપેટ. તે૦ (૧૭)

માળીને ભવે રોપીયાં, નાના-વિધ વૃક્ષ, મૂળ પત્ર ફલ-ફૂલનાં, લાગ્યાં પાત તે લક્ષ. તે૦ (૧૮)

અધોવાઈઆને ભલે, ભર્યા અધિકા ભાર, પોઠી પુંઠે કીધા પડ્યા, દયા નાણી લગાર. તે૦ (૧૯)

છીપાને ભવે છેતર્યા, કીધા રંગણ પાસ, અગ્નિ આરંભ કીધા ઘણાં, ધાતુવાદ અભ્યાસ. તે૦ (૨૦)

શૂરપણે રણ ઝૂઝતા, માર્યા માણસ વૃંદ, મદિરા માંસ માખણ ભખ્યાં, ખાધાં મૂળને કંદ. તે૦ (૨૧)

ખાણ ખણાવી ધાતુની, પાણી ઉલેચ્યા, આરંભ કીધા અતિ ઘણાં, પોતે પાપ જ સંચ્યાં. તે૦ (૨૨)

કર્મ અંગાર કીયા વળી, ઘરમેં દવ દીધા, સમ ખાતા વીતરાગના, કૂડા કોસજ કીધા. તે૦ (૨૩)

બીલ્લી ભવે ઉંદર લીયા, ગીરોલી હત્યારી, મૂઢ ગમારતણે ભવે, મેં જૂ લીખ મારી. તે૦ (૨૪)

ભાંડભૂજા તણે ભવે, એકેન્દ્રિય જીવ, જવારી ચણા ગહુ શેકીયા, પાડંતા રીવ. તે૦ (૨૫)

ખાંડણ પીસણ ગારના, આરંભ અનેક, રાંધણ ઈંધણ અગ્નિનાં, કીધાં પાપ ઉદ્રેક. તે૦ (૨૬)

વિકથા ચાર કીધી વળી, સેવ્યા પાંચ પ્રમાદ, ઈષ્ટ વિયોગ પાડ્યા ઘણા, કીયા રુદન વિખવાદ. તે૦ (૨૭)

સાધુ અને શ્રાવકતણાં, વ્રત લહીને ભાંગ્યા, મૂળ અને ઉત્તરતણાં, મુજ દૂષણ લાગ્યાં. તે૦ (૨૮)

સાપ વીછી સિંહ ચીતરા, શકરા ને સમળી, હિંસક જીવતણે ભવે, હિંસા કીધી સબળી. તે૦ (૨૯)

સુવાવડી દૂષણ ઘણાં, વળી ગર્ભ ગળાવ્યા, જીવાણી ધોવ્યાં ઘણાં, શીણ વ્રત ભીંજાવ્યા. તે૦ (૩૦)

ભવ અનંત ભમતાં થકાં, કીધા દેહ સંબંધ, ત્રિવિધ ત્રિવિધ કરી વોસિરુ, તીણશું પ્રતિબંધ. તે૦ (૩૧)

ભવ અનંત ભમતાં થકાં, કીધા પરિગ્રહ સંબંધ, ત્રિવિધ ત્રિવિધ કરી વોસિરુ, તીણશું પ્રતિબંધ. તે૦ (૩૨)

ભવ અનંત ભમતાં થકાં, કીધા કુટુંબ સંબંધ, ત્રિવિધ ત્રિવિધ કરી વોસિરુ, તીણશું પ્રતિબંધ. તે૦ (૩૩)

ઈણ પરે ઈહ ભવ પરભવે, કીધાં પાપ અખત્ર, ત્રિવિધ ત્રિવિધ કરી વોસિરું, કરું જન્મ પવિત્ર. તે૦ (૩૪)

એણી વિધે એ આરાધના, ભવિક કરશે જેહ, સમયસુંદર કહે પાપથી, વળી છૂટશે તેહ. તે૦ (૩૫)

રાગી વૈરાગી જે સુણે, એહ ત્રીજી ઢાલ, સમયસુંદર કહે પાપથી, છૂટે તત્કાળ તે૦ (૩૬)

## પુણ્ય પ્રકારનું સ્તવન

સકળ સિદ્ધિદાયક સદા, ચોવીસે જિનરાય, સદ્ગુરુ સ્વામિની સરસ્વતી, પ્રેમે પ્રણમું પાય. (૧)

ત્રિભુવનપતિ ત્રિશલાતણો, નંદન ગુણ ગંભીર, શાસન નાયક જગ જયો, વર્ધમાન વડવીર. (૨)

એક દિન વીર જિણંદને, ચરણે કરી પ્રણામ, ભવિક જીવના હિત ભણી, પૂછે ગૌતમ સ્વામ. (૩)

મુક્તિ મારગ આરાધીએ, કહો કિણ પરે અરિહંત, સુધા સરસ તવ વચન રસ, ભાખે શ્રી ભગવંત. (૪)

અતિ ચાર આલોઈએ વ્રત ધરીએ ગુરુ શાખ. જીવ ખમાવો સયલ જે, યોની ચોરાશી લાખ. (૫)

વિધિશું વળી વોસરાવીએ, પાપસ્થાનક અઢાર, ચાર શરણ નિત્ય અનુસરો, નિંદો દુરિત આચાર. (૬)

શુભ કરણી અનુમોદીએ, ભાવ ભલો મન આણ, અણસણ અવસર આદરી, નવપદ જપો સુજાણ. (૭)

શુભગતિ આરાધનતણા, એ છે દશ અધિકાર, ચિત્ત આણીને આદરો, જેમ પામો ભવ પાર. (૮)

## ઢાળ ૧લી (કુમતિ એ છેડી કીહાં રાખી-એ દેશી)

જ્ઞાન દરિસણ ચારિત્ર તપ વીરજ, એ પાંચે આચાર, એહ તણા ઈહ ભવ પરભવના,

આલોઈએ અતિચાર રે. પ્રાણી ! જ્ઞાન ભણો ગુણ ખાણી, વીર વદે એમ વાણી રે- પ્રાણી જ્ઞા૦ (૧)

ગુરુ ઓળવીએ નહીં ગુરુ વિનયે, કાળે ધરી બહુમાન, સૂત્ર અર્થ તદુભય કરી સૂધાં ભણીએ ઉપધાન રે પ્રાણી જ્ઞા૦(૨) જ્ઞાનો પગરણ માટી પોથી, ઠવણી નોકારવાલી, તેહ તણી કીધી અશાતના, જ્ઞાનભક્તિ ન સાંભળી રે. પ્રાણી જ્ઞા૦ (૩) ઈત્યાદિક વિપરીતપણાથી, જ્ઞાન વિરાધ્યું જેહ, આ ભવ પરભવ વળી રે ભવોભવ, મિચ્છામિ દુક્કડં તેહ રે પ્રાણી સમિકત લ્યો શુદ્ધ જાણી, વીર વદે એમ વાણી રે પ્રાણી જ્ઞા૦ (૪) જિનવચને શંકા નવિ કીજે, નવિ પરમત અભિલાષ,

સાધુતણી નિંદા પરિહરજો, ફળ સંદેહ ન રાખ રે. પ્રાણી સ૦ (૫) મૂઢપણું છંડો પરશંસા, ગુણવંતને આદરીએ, સાહમ્મીને ધરમે કરી થિરતા, ભક્તિ પરભાવના કરીએ રે. પ્રાણી સ૦ (૬) સંઘ ચૈત્ય પ્રાસાદતણો જે, અવર્ણવાદ મન લેખ્યો, દ્રવ્ય દેવકો જે વિણસાડ્યો, વિણસંતો ઉવેખ્યો રે. પ્રાણી સ૦ (૭) ઈત્યાદિક વિપરીતપણાથી, સમિકત ખંડ્યું જેહ, આ ભવ પરભવ વળી રે ભવોભવ, મિચ્છામિ દુક્કડં તેહ રે. પ્રાણી ચારિત્ર લ્યો ચિત્ત આણી, વીર વંદે એમ વાણી રે. પ્રાણી ચા૦ (૮) પંચ સમિતિ ત્રણ ગુપ્તિ વિરાધી, આઠે પ્રવચનમાય, સાધુતણે ધરમે પ્રમાદે, અશુદ્ધ મન વચન કાય રે. પ્રાણી સ૦ (૯) શ્રાવકને ધર્મે સામાયિક, પોસહમાં મન વાળી, જે જયણાપૂર્વક એ આઠે, પ્રવચન માય ન પાળી રે. પ્રાણી ચા૦ (૧૦) ઈત્યાદિક વિપરીતપણાથી, ચારિત્ર ડોહોલ્યુ જેહ, આ ભવ પરભવ વળી રે ભવોભવ, મિચ્છામિ દુક્કડં તેહ રે. પ્રાણી ચા૦ (૧૧) બારે ભેદે તપ નવિ કીધો, છતે જોગે નિજ શકતે, ધર્મે મન વચન કાયા વીરજ, નવિ ફોરવીયું, ભક્તે રે. પ્રાણી ચા૦ (૧૨) તપ વીરજ આચાર જ એણી પેરે, વિવિધ વિરાધ્યાં જેહ, આ ભવ પરભવ વળી રે ભવોભવ, મિચ્છામિ દુક્કડં તેહ રે. પ્રાણી ચા૦ (૧૩) વળી ય વિશેષે ચારિત્ર કેરા, અતિચાર આલોઈએ, વીર જિણેસર વયણ સુણીને, પાપ મેલ સવિ ધોઈએ રે. પ્રાણી ચા૦ (૧૪)

## ઢાળ-૨ જી (પામી સુગુરુ પસાય-એ દેશી)

પૃથ્વી પાણી તેઉ વાયુ વનસ્પતિ, એ પાંચે થાવર કહ્યા એ. (૧) કરી કરસણ આરંભ, ખેત્ર જે ખેડિયા, કૂવા વાવ ખણાવીયાં એ. (૨) ઘર આરંભ અનેક ટાંકા, ભોંયરા, મેડી માળ ચણાવીઆં એ. (૩) લીંપણ ગુંપણ કાજ, એણીપેરે પરેપરે, પૃથ્વીકાય વિરાધીયા એ. (૪) ધોયણ નાહણ પાણી, ઝીલણ અપ્‌કાય, છોતી ધોતી કરી દુહવ્યા એ. (૫) ભાઠીગર કુંભાર, લોહ સુવનગરા, ભાડભુંજા લીહાલાગરા એ. (૬) તાપણ શેકણ કાજ, વસ્ત્ર નિખારણ, રંગન રાંધન રસવતી એ. (૭) એણીપરે કર્માદાન, પરે પરે કેલવી, તેઉ વાયુ વિરાધીયા એ. (૮) વાડી વન આરામ, વાવી વનસ્પતિ, પન ફૂલ ફળ ચૂંટીયાં એ. (૯) પોંક પાપડી શાક, શેક્યાં સુકવ્યા, છેદ્યાં છુંદ્યા આથીયાં એ. (૧૦) અળશીને એરંડા, ઘાલી ઘાણીએ, ઘણા તિલાદિક પીલીયા એ. (૧૧) ઘાણી કોલુમાંહે પીલી શેલડી, કંદમૂળ ફળ વેચીયા એ. (૧૨) એમ એકેન્દ્રીય જીવ, હણ્યાં હણાવીયાં હણતાં જે અનુમોદીયાં એ. (૧૩) આ ભવ પરભવ જેહ, વળી ય ભવોભવે, તે મુજ મિચ્છામિ દુક્કડં (૧૪) કૃમી સમરીયા કીડા, ગાડર ગંડોલા, ઈયળ પૂરાં ને અલશીયાં એ. (૧૫) વાળા જળો ચુડેલ, વિચલિત રસતણા, વળી અથાણાં પ્રમુખનાં એ. (૧૬) એમ બેઈન્દ્રિય જીવ, જે મેં દુહવ્યા, તે મુજ મિચ્છામિ દુક્કડં એ. (૧૭) ઉધેહી જૂ, લીખ, માંકડ, મંકોડા, ચાંચડ, કીડી, કુંથુઆ એ. (૧૮) ગદ્દહિઆ ઘીમેલ, કાનખજુરીયાં, ગીંગોડા ધનેરીયાં એ. (૧૯) એમ તેઈન્દ્રિય જીવ, જે મેં દુહવ્યા, તે મુજ મિચ્છામિ દુક્કડં એ. (૨૦) માખી, મચ્છર, ડાંસ, મસા, પતંગીયા, કંસારી, કોલિયાવડા એ. (૨૧) ઢીંકુણ, વિંછુ, તીડ, ભમરા, ભમરીઓ, કોતાં બગ ખડમાંકડી એ. (૨૨) એમ ચઉરિંદ્રિય જીવ, જેહ મેં દુહવ્યા, તે મુજ મિચ્છામિ દુક્કડં એ. (૨૩) જળમાં નાંખી જાળ રે, જળચર દુહવ્યા, વનમાં મૃગ સંતાપીયા એ. (૨૪) પીડ્યા પંખી જીવ, પાડી પાસમાં, પોપટ ઘાલ્યા પાંજરે એ. (૨૫) એમ પંચેન્દ્રિય જીવ, જે મેં દુહવ્યા, તે મુજ મિચ્છામિ દુક્કડં એ. (૨૬)

## ઢાળ ૩ જી (વાણી વાણી હિતકરીજી - એ દેશી)

ક્રોધ લોભ ભય ભય હાસ્યથીજી, બોલ્યાં વચન અસત્ય, કૂડ કરી ધન પારકાંજી, લીધાં જેહ અદત્ત રે, જિનજી ! મિચ્છામિ દુક્કડં આજ, તુમ સાખે મહારાજ રે, જિનજી ! દેઈ સારું કાજ રે, જિનજી ! મિચ્છામિ દુક્કડં આજ. (૧) દેવ મનુષ્ય તિર્યંચનાજી, મૈથુન સેવ્યાં જેહ, વિષયારસ લંપટપણેજી, ઘણો વિડંબ્યો દેહ રે. જિનજી૦ (૨) પરિગ્રહની મમતા કરીજી, ભવે ભવે મેલી આથ, જે જિહાં તે તિહાં, રહ્યુંજી, કોઈ ન આવે સાથ રે. જિનજી૦ (૩)

રયણી ભોજન જે કર્યાજી, કીધા ભક્ષ અભક્ષ, રસના રસની લાલચેજી, પાપ કર્યા પ્રત્યક્ષ રે. જિનજી૦ (૪) વ્રત લઈ વિસારીયાજી, વળી ભાંગ્યાં પચ્ચખાણ, કપટ હેતુ કિરિયા કરીજી, કીધા આપ વખાણ રે. જિનજી૦ (૫) ત્રણે ઢાળે આઠે દુહેજી, આલોયા અતિચાર, શિવ ગતિ આરાધન તણોજી, એ પહેલો અધિકાર રે. જિનજી૦ (૬)

## ઢાળ ૪ થી (સાહેલડીની એ દેશી)

પંચ મહાવ્રત આદરો સાહેલડી રે, અથવા લ્યો વ્રત બાર તો, યથાશક્તિ વ્રત આદરી સાહેલડી રે, પાળો નિરતિચાર તો. (૧) વ્રત લીધાં સંભારીએ સા૦, હૈડે ધરીએ વિચાર તો, શિવગતિ-આરાધન તણો સા૦, એ બીજો અધિકાર તો. (૨) જીવ સવે ખમાવીએ સા૦, યોનિ ચોરાશી લાખ તો, મન શુદ્ધ કરી ખામણાં સા૦, કોઈશું રોષ ન રાખ તો. (૩) સર્વ મિત્ર કરી ચિંતવો સા૦, કોઈ ન જાણો શત્રુ તો, રાગ દ્વેષ એમ પરિહરો સા૦, કીજે જન્મ પવિત્ર તો (૪) સ્વામી સંઘ ખમાવીએ સા૦, જે ઉપની અપ્રીત તો, સજ્જન કુટુંબ કરી ખામણાં સા૦, એ જિનશાસન રીત તો. (૫) ખમીએ ને ખમાવીએ સા૦, એહીંજ ધર્મનું સાર તો, શિવગતિ આરાધન તણો સા૦, એ ત્રીજો અધિકાર તો. (૬) મૃષાવાદ હિંસા ચોરી સા૦, ધનમુર્છા મૈથુન તો, ક્રોધ માન માયા તૃષ્ણા સા૦, પ્રેમ દ્વેષ પેશુન્ય તો. (૭) નિંદા કલહ ન કીજીએ સા૦, કૂંડા ન દીજે આળ તો, રતિ-અરતિ મિથ્યા તજો સા૦, માયા મોહ જંજાળ તો. (૮) ત્રિવિધ ત્રિવિધ વોસિરાવીએ સા૦, પાપસ્થાન અઢાર તો, શિવગતિ આરાધન તણો સા૦, એ ચોથો અધિકાર તો. (૯)

## ઢાળ ૫ મી (હવે નિસુણી ઈહા આવીયા એ - એ દેશી)

જનમ જરા મરણે કરી એ, આ સંસાર અસાર તો, કર્યા કર્મ સહુ અનુભવે એ, કોઈ ન રાખણહાર તો. (૧) શરણ એક અરિહંતનું એ શરણ સિદ્ધ ભગવંત તો, શરણ ધર્મ શ્રી જિનનો એ, સાધુ શરણ ગુણવંત તો (૨) અવર મોહિ સવિ પરિહરીએ, ચાર શરણ ચિત્ત ધાર તો, શિવગતિ આરાધન તણો એ, એ પાંચમો અધિકાર તો. (૩) આ ભજ પરભવ જ કર્યા એ, પાપ કર્મ કંઈ લાખ તો, આત્મ સાખે તે નિંદીએ, પડિક્કમીએ ગુરુ સાખ તો (૪) મિથ્યા મત વર્તાવિયા એ, જે ભાખ્યાં ઉત્સૂત્ર તો, કુમતિ કદાગ્રહને વશે એ, જે ઉથાપ્યાં સૂત્ર તો. (૫) ઘડ્યાં ઘડાવ્યાં જે ઘણાં એ, ઘરંટી હળ હથિયાર તો, ભવ ભવ મેલી મુકીયાં એ, કરતાં જીવ સંહાર તો. (૬) પાપ કરીને પોષીયા એ, જનમ જનમ પરિવાર તો, જનમાંતર પહોંચ્યા પછી એ, કોઈએ ન કીધી સાર તો. (૭) આ ભવ પરભવ જે કર્યા એ, એમ અધિકરણ અનેક તો, ત્રિવિધે ત્રિવિધે વોસરાવીએ, આણી હૃદય વિવેક તો. (૮) દુષ્કૃત નિંદા એમ કરીએ, પાપ કરો પરિહાર તો, શિવગતિ આરાધન તણો એ, એ છઠ્ઠો અધિકાર તો. (૯)

## ઢાળ ૬ ઠ્ઠી (આઘે તું જોય ને જીવડા - એ દેશી)

ધન ધન તે દિન મહારો, જીહાં કીધો ધર્મ, દાન-શીયળ તપ ભાવથી, ટાળ્યાં દુષ્કૃત કર્મ. ધન૦ (૧) શત્રુંજાદિક તીર્થની, જે કીધી જાત્ર, જુગતે જિનવર પૂજીયાં, વળી પોષ્યાં પાત્ર. ધન૦ (૨) પુસ્તક જ્ઞાન લખાવીયાં, જિણહર જૈનચૈત્ય, સંઘ ચતુર્વિધ સાચવ્યા, એ સાતે ખેત્ર. ધન૦ (૩) પડિક્કમણા સુપરે કર્યા, દીધા અનુકંપાદાન, સાધુ સૂરિ ઉવજ્ઝાયને, દીધાં બહુમાન. ધન૦ (૪) ધર્મ કાજ અનુમોદીએ, એમ વારો-વાર, શિવગતિ આરાધનતણો, એ સાતમો અધિકાર. ધન૦ (૫) ભાવો ભલો મન આણીએ, ચિત્ત આણી ઠામ, સમતા ભાવે ભાવીએ, એ આતમરામ. ધન૦ (૬) સુખ દુઃખ કારણ જીવને, કોઈ અવર ન હોય, કર્મ આપ જે આચર્યા, ભોગવીએ સોય. ધન૦ (૭) સમતા વિણ જે અનુસરે, પ્રાણી પુણ્યનું કામ, છાર ઉપર તે લીપણું, જિમ ઝાંખર ચિત્રામ. ધન૦ (૮) ભાવ ભલી પરે ભાવીએ, એ ધર્મનો સાર, શિવગતિ આરાધન તણો, એ આઠમો અધિકાર. ધન૦ (૯)

## ઢાળ ૭મી (રૈવતગિરિ હુવા, પ્રભુના ત્રણ કલ્યાણક - એ દેશી)

હવે અવસર જાણી, કરી સંલેખન સાર, અણસણ આદરિયેં, પચ્ચક્ખી ચારે આહાર, લલુતા સવિ મૂકી, છાંડી મમતા અંગ, એ આતમ ખેલે, સમતા જ્ઞાન તરંગ, (૧) ગતિ ચારે કીધાં, આહાર અનંત નિઃશંક, પણ તૃપ્તિ ન પામ્યો, જીવ લાલચીઓ રંક, દુલહો એ વળી વળી, અણસણનો પરિણામ, એહથી પામીજે, શિવપદ સુરપદ ઠામ. (૨) ધન ધન્નો શાલિભદ્ર, ખંધો મેઘકુમાર, અણસણ આરાધી, પામ્યા ભવનો પાર, શિવમંદિર જાશે, કરી એક અવતાર, આરાધન કેરો એ નવમો અધિકાર. (૩) દશમે અધિકારે મહામંત્ર નવકાર, મનથી નવિ મૂકો શિવસુખ ફલ સહકાર, એક જપતાં જાયે, દુર્ગતિ દોષ વિકાર, સુપરે એ સમરો, ચૌદ પૂરવનો સાર. (૪) જનમાંતર જાતાં, જો પામે નવકાર, તો પાતિક ગાળી, પામે સુર અવતાર, એ નવપદ સરિખો, મંત્ર ન કો સંસાર, ઈહ ભવ ને પરભવે, સુખ સંપત્તિ દાતા. (૫) જયું ભીલ ભીલડી, રાજા રાણી થાય, નવપદ મહિમાથી, રાજસિંહ મહારાય, રાણી રતનવતી બેહુ, પામ્યાં છે સુરભોગ, એક ભવ પછી લેશે, શિવવધૂ સંજોગ. (૬) શ્રીમતીને એ વલી, મંત્ર ફલ્યો તત્કાલ, ફણીધર ફીટીને, પ્રગટ થઈ ફૂલમાળ, શિવકુમારે જોગી, સોવનપુરુષો કીધ, એમ એણે મંત્રે, કાજ ઘણાંના સિદ્ધ. (૭) એ દશ અધિકારે, વીજ જિણેસરે ભાખ્યો, આરાધન કેરો વિધિ, જેણે ચિત્તમાંહી રાખ્યો, તેણે પાપ પખાળી, ભવ ભય દૂરે નાખ્યો, જિન વિનય કરતાં, સુમતિ અમૃતરસ ચાખ્યો. (૮)

## ઢાળ ૮ મી (નમો ભવિ ભાવશું - એ દેશી)

સિદ્ધરાજા કુળતિલો એ, ત્રિશલા માત મલ્હાર તો, અવનીતલે તમે અવતર્યા એ, કરવા અમ ઉપકાર તો. જયો જિન વીરજીએ. (૧) મેં અપરાધ કર્યા ઘણા એ, કહેતા ન લહું પાર તો, તુમ ચરણે આવ્યા ભણી એ, તારે તો તાર તો. જયો૦ (૨) આશ કરીને આવીયો એ, તુમ ચરણે મહારાજ તો, આવ્યાને ઉવેખશો એ, તો કેમ રહેશે લાજ તો. જયો૦ (૩) કરમ અલુંજણ આકરા એ, જન્મ મરણ જંજાલ તો, હું છું એહથી ઉભગો એ, છોડાવ દેવ દયાળ તો. જયો૦ (૪) આજ મનોરથ મુજ ફળ્યા એ, નાઠા દુઃખ દંદોલ તો, તુઠો જિન ચોવીશમો એ, પ્રગટ્યાં પુન્ય કલ્લોલ તો. જયો૦ (૫) ભવે ભવે વિનય તુમારડો એ. ભાવ ભક્તિ તુમ પાય તો, દેવ દયા કરી દીજીએ, બોધિબીજ સુપસાય તો. જયો૦ (૬)

કળશ

ઈહ તરણ તારણ સુગતિ કારણ, દુઃખ નિવારણ જગ જયો, શ્રી વીર જિનવર ચરણ થુણતાં, અધિક મન ઉલ્લટ થયો. (૧) શ્રી વિજયદેવસૂરીંદ પટધર, તીરથ જંગમ એણે જગે, તપગચ્છપતિ શ્રી વિજયપ્રભસૂરિ, સૂરિ તેજે ઝગમગે. (૨) શ્રી હીરવિજયસૂરિ શિષ્ય વાચક, કીર્તિવિજય સુરગુરુ સમો, તસ શિષ્ય વાચક વિનયવિજયે, થુણ્યો જિન ચોવીસમો. (૩) સય સત્તર સંવત ઓગણત્રીસે, રહી રાંદેર ચોમાસ એ, વિજયા દશમી વિજય કારણ, કીયો ગુણ અભ્યાસ એ. (૪) નરભવ આરાધન સિદ્ધિ સાધન, સુકૃત લીલ વિલાસ એ, નિર્જરા હેતે સ્તવન રચીયું, નામે પુન્ય પ્રકાશ એ. (૫)